વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃતિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ ફેબ્રુઆરી-૨૦૧૮
અંક નં. ૬૨



કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતાં શ્રી નિશા ગ્રોવર



'સમાજ સેવા રત્નાકર એવોર્ડ' મેળવતાં પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા



પી.એન.આર. સોસાયટીનું સન્માન પત્ર મેળવતાં સંસ્થાના ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા





ઇસ્કોન કલબ દ્વારા ભાવનગરમાં ફેશન કાર્નિવલમાં મુખ્ય અતિથિ શ્રી જિતુભાઇ વાઘાણી, તેમજ નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થી ચિ. રમેશ દ્વારા રીબિન કાપી કાર્નિવલનું ઓપનિંગ કરેલ, જેમાં યોજાયેલ ફેશન-શોમાં સંસ્થાના શ્રવણમંદ વિદ્યાર્થીઓ

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 February - 2018 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# National Conference on "Strategies to Achieve Inclusion"

**Date : 10th, 11th, 12th March - 2018**



Organised at

**PNR Society for Relief & Rehabilitation of the Disabled**


Nataraj Research Center and Training College,
Kaliyabid, Near Sardar Patel School, Bhavnagar-364002
Gujarat (India)
Tel. (0278) 2470232,
M. +91 7404560029
Email : pnrttc18@gmail.com


PNR HOPE 4 HANDICAPPED

Visit us : www.pnrsociety.org

## Objectives of the Conference

This conference will address the constraints and the strategies to facilitate the successful implementation of inclusion. The highlights of this conference will be on rehabilitation related services in India and emphasis on strengthening the health-care and educational service delivery to persons with disability.

## Sub Themes/Thrust Areas for Paper/Poster Presentation

- To achieve inclusion: Instruction Planning, Implementation and Evaluation.
- Application of Universal Design for Learning (UDL),
- Reverse Inclusion strategies for NGOs and Government Bodies.
- Behavior modification techniques for IE classrooms
- Curriculum adaptation in IE

**The conference will be graced by**

**Aloka Guha, Bhusan Punani, Jaya Krishnamurthy, L. V. Jayashree, Sujata Bhan, Anita Jhulka, Akhil Paul, Vijaya Vaithilingam, Dr. Vashim Ahemad, Vimal Thawani and they will deliver their acumen and experience to formulate**

**"Strategis to Achieve Inclusion"**

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- Contents at a Glance . . . . . ૦૪
- મા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો શુભેચ્છા સંદેશ . . . . . ૦૫
- NCED ગુજરાત ચેપ્ટર એન્યુઅલ કોન્ફરન્સ - ૨૦૧૭. . . . ૦૬
- બધિર યુવકો અને યુવતિઓની ખીલી ઉઠી સંવેદના... . . . . . . . . ૦૭
- 'સમાજ સેવા રત્નાકર એવોર્ડ' મેળવતાં શ્રી મહાસુખભાઈ જકડિયા ૦૭
- રૂબેલા રસીકરણ ઐતિહાસિક સિધ્ધિ ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-નટરાજ કૉલેજ. . ૧૦
- ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમિટમાં સંસ્થાનું પી.આર.વી. સેન્ટર . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૩
- PNR સોસાયટીનું સન્માન પત્ર મેળવતા શ્રી એચ. પી. રાખશિયા. . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-VCL હૉસ્પિટલ . ૧૪
- અમેરિકાથી સેવાર્થે આવતાં ડૉકટરોનો ફ્રી કેમ્પ . . . . . . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક સ્કૂલ. . . ૧૫
- પ્રજાસત્તાક દિનની ઉજવણી . . . . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-KLID સ્કૂલ . . . ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-CMP હૉસ્ટેલ . . ૧૯
- શ્રી મોહનભાઈ પટેલનો શુભેચ્છા પત્ર ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૧
- શ્રદ્ધાંજલિ . . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## નેશનલ કોન્ફરન્સ-૨૦૧૮

પી.એન.આર. સોસાયટી દ્વારા આગામી તા. ૧૦ થી ૧૨મી માર્ચ, ૨૦૧૮ દરમ્યાન, **"સ્ટ્રેટેજીસ ટુ એચિવ ઈન્કલુઝન"** વિષય પર **નેશનલ કોન્ફરન્સ** યોજાનાર છે. આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ વિકલાંગ વ્યકિતઓના સમાવેશના સફળ અમલીકરણને સરળ બનાવવા માટેની મર્યાદાઓ અને વ્યૂહરચનાઓને ઉજાગર કરવાનો છે. કારણ કે, આપણાં દેશમાં દિવ્યાંગ વ્યકિતઓની ઉપલબ્ધતા, સમાનતા, જરૂર મુજબની મદદ અને પ્રાપ્યતા, એ મુખ્ય ચિંતાનો વિષય છે, ત્યારે આ અત્યંત **ઈન્ટરએકિટવ અને પાર્ટિસિપેટિવ કોન્ફરન્સ**માં, રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો સહિત, અનેક વિધ્વાનો કેસ સ્ટડીઝ, P.P.T., વિડિઓ ફિલ્મ, ગ્રૂપ ચર્ચાઓ, વિગેરે દ્વારા પોતાના વિચારો અને અનુભવોની આપલે કરશે.

આપણે આ **નેશનલ કોન્ફરન્સ**, પોતાના ઉદ્દેશ્યોમાં સફળ થાય તેવી શુભેચ્છા પાઠવીએ.

✍ **કિરીટ રાઠોડ**

When you hear the word 'disabled' people immediately think about people who can't walk or talk or do everything that people take for granted. Now, I take nothing for granted. But I find the real disability is people who can't find joy in life and and are bitter.


**- Teri Garr**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૬૨**
  ૧૫ ફેબ્રુઆરી - ૨૦૧૮
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| કવાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ Life-Partner Fair for the Deaf

The 15th betrothal fair for the Deaf was organised by the K. L. Institute for the Deaf (KLID) on 17th December, 2017 with financial assistance from Shri Jayantbhai Vanani (Budhabhai), a leading industrialist and philanthropist of Bhavnagar. The hectic consultations resulted in finalization of 4 couples on the day.

### ◈ KLID Hosts NCED Annual Conference

The 7th National Convention for Education of the Deaf was organised by the KLID with a focus on Inclusive Education for children with Hearing Impairment during 20, 21 & 22 December, 2017 in the Nataraj Auditorium of the PNR Society. A total number of 39 papers were presented on different aspects of Inclusive Education.

### ◈ Rubella Vaccination Makes a History !

Rubella virus infection responsible for German Measles in early pregnancy period may result in baby being disabled. In its Impact Foundation (U.K.) and the Dalal Family Foundation (USA) funded prevention of Disability Programme the PNR Society under auspecies of Bharat Sevak Samaj, Surendranagar immunized 1400 girls / women in a single day against Rubella, a record-breaking history.

### ◈ USA-based Specialists' Camp

The PNR Society organised camps one each in PNR Special Hospital, V. C. Lodhawala Hospital and Redcross Medical Center (Alang) during 20-21-22 January, 2018 with financial assistance from
Smt. Chandraben Vadhar and Shashi Industries. Specialist doctors from USA included Genito-urinary Surgeon, General Physician and Gynacologist and Anaesthetists. A total number of 122 patients were benefited.

### ◈ Kanakia Family Donation – A Shot in the Arm for Ankur School for M.R.

In its visionary step, the Ankur management had planned a Vocational Training Center specially for mentality retarded (MR) youth of 18+ who are required to be discharged from a granted special school for the MR. The 'Ankur' got shot in the arm when Kirtikumar Manmohandas Kanakia Parivar (Mumbai) gave a generous donation of Rs. One Crore for construction of third floor on its present premises for housing Vocational Training Center.

### ◈ National Conference on "Strategies to Achieve Inclusion"

In a first the PNR Society is organizing National Conference on "Strategies to Achieve Inclusion" during 10, 11 & 12 March, 2018. Renowned experts are to share their acumen and experience in the field.

### ◈ Other Institutional Activities

This issue describes also the important activities of the PNR Special Hospital , V. C. Lodhawala Hospital, Hi-Tech Primary School, C. P. School and other prevention programmes.



सत्यमेव जयते

# વિજય રૂપાણી

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/kp/2018/01/19/nr

તા. ૧૯-૦૧-૨૦૧૮

સ્નેહી શ્રી પી. એન. આર. સોસાયટી પરિવાર,

નમસ્કાર.

પી. એન. આર સોસાયટી તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા સંસ્થા દર્શન માહિતી અને લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ પ્રાપ્ત થયું. આભાર.

દરેક વ્યક્તિ પાસે વિશિષ્ઠ શક્તિ હોય છે. દરેક બાળકને યોગ્ય સમયે જરૂરી તાલીમ મળે તો તેના કૌશલ્યને ખીલવાની તક મળે. બાળકમાં રહેલી શારીરિક સમસ્યા અંગે જો શૈશવકાળમાં જ નિરાકરણનો પ્રયાસ કરવામાં આવે તો તેમાં ઘણા અંશે સફળતા મળી શકે.

પી. એન. આર. સોસાયટી તથા સંલગ્ન સંસ્થાઓ દ્વારા દિવ્યાંગ બાળકોની દિવ્ય શક્તિને પારખી, તેમને આવશ્યક કેળવણી આપવાનું અદકેરું કાર્ય થઈ રહ્યું છે તે પ્રશંસનીય છે. સંસ્થા દ્વારા થનાર વિવિધ લોકાર્પણ જન-જન માટે ઉપયોગી બને તેવી શુભેચ્છા સાથે અભિનંદન પાઠવું છું.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Anantbhai K. Shah,**
C/o. P. N. R. Society,
51, Vidyanagar, Bhavnagar – 364002.
e-mail: info@pnrsociety.org

# NCED ગુજરાત ચેપ્ટર એન્યુઅલ કોન્ફરન્સ - ૨૦૧૭



કવિતા શાહ

NCED રાષ્ટ્રીય કક્ષાએ સ્પેશિયલ એજયુકેટર્સનું એસોસિએશન છે. NCED ગુજરાત ચેપ્ટરની શરૂઆત ૨૦૦૪માં થઈ ત્યારથી, ગુજરાતમાં ઘણાં બધાં સેમિનાર અને કોન્ફરન્સ યોજાયાં છે. શ્રવણમંદોના સર્વશ્રેષ્ઠ પુનઃસ્થાપન માટે તેમની સાથે કામ કરતાં શિક્ષકોને સજ્જ કરવાનો હેતુ NCED નો છે. તે અંતર્ગત NCED ગુજરાત ચેપ્ટરની **૭મી એન્યુઅલ કોન્ફરન્સ** ૨૦,૨૧,૨૨ ડિસેમ્બર-'૧૭ શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળાના યજમાન પદે નટરાજ કોલેજમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં NCED ગુજરાત ચેપ્ટરના પ્રેસિડેન્ટ શ્રી હેમાબેન કાલે, અક્ષર ટ્રસ્ટના ફાઉન્ડર શ્રી નિશાબેન ગ્રોવર, સંસ્થાના પ્રણેતા શ્રી બાબાભાઈ, વડીલ શ્રી મફતભાઈ, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા અન્ય મહાનુભાવોએ હાજરી આપી, દિપ પ્રાગટય કરી કોન્ફરન્સની શરૂઆત કરેલ તથા પોતાનું વકતવ્ય આપેલ. ત્રણ દિવસની આ કોન્ફરન્સમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓમાં કામ કરતાં શિક્ષકો તથા તાલીમાર્થીઓ દ્વારા કુલ ૩૯ પેપર રજૂ થયાં. આ કોન્ફરન્સમાં ભાગ લેનાર તમામ શિક્ષકોએ વિવિધ વિષયોની ઉપયોગી જાણકારી મેળવી હતી અને અનુભવનું આદાન-પ્રદાન કરેલ. આ કોન્ફરન્સમાં શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળાના ૫ શિક્ષકોએ પેપર PPT દ્વારા રજૂ કરેલ. જેમાં શ્રી ફાલ્ગુનીબેન મકવાણા તથા શ્રીમબેન સવજીયાણીએ **શૈક્ષણિક મૂલ્યાંકન** વિષય પર, શ્રી વૈશાલીબેન યોગીએ **શ્રવણમંદ બાળકોના વ્યાકરણ શિક્ષણના દૃઢિકરણ માટેની પ્રયુકિતઓ** વિષય પર, શ્રી મુકતાબેન વાળાએ **રમતનું શિક્ષણમાં મહત્વ** વિષય પર તથા શ્રી કવિતાબેન શાહે **બેરિયર ફ્રી એન્વાર્યમેન્ટ** વિષય પર પેપર રજૂ કરેલ. આવેલ મહેમાનો તથા સંસ્થા પરિવારના સભ્યો કે જેમણે વિવિધ સેશનમાં ચેરપર્સન અને કો-ચેરપર્સન તરીકે મહત્વની કામગીરી બજાવેલ, તેઓને સંસ્થા દ્વારા મેમેન્ટો આપી સન્માનિત કરવામાં આવેલ. સંસ્થાના શિક્ષક શ્રી કવિતાબેન શાહ (NCED ગુજરાત ચેપ્ટર, જોઈન્ટ સેક્રેટરી) તથા શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલે, કાર્યક્રમના કો-ઓર્ડિનેટર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવેલ.



રજીસ્ટ્રેશન કરાવતાં...



મહેમાનો તથા લાભાર્થીઓ



TTC, K.L. ના વિદ્યાર્થીઓ સાથે

# બધિર યુવકો અને યુવતિઓની ખીલી ઉઠી સંવેદના...



સમગ્ર ગુજરાત રાજયના લગ્નોત્સુક શ્રવણમંદ યુવક-યુવતિઓને પોતાના જીવનસાથીની પસંદગી માટેનું પ્લેટફોર્મ પુરુ પાડતી ભાવનગરની શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા દ્વારા **૧૫મો જીવનસાથી પસંદગી મેળો** તા.૧૭/૧૨ ના રોજ અંધશાળાના પટાંગણમાં યોજાય ગયો. આ પસંદગી મેળા માટે નાનાલાલ ભગવાનભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના, ટ્રસ્ટી શ્રી જયંતભાઈ વનાણીનો આર્થિક સહયોગ સાંપડેલ. ફૂલ ગુલાબી ઠંડીના વાતાવરણમાં સવારે ૧૦:૩૦ કલાકે શ્રી જયંતભાઈ વનાણી અને શ્રી ગગજીભાઈ સુતરીયાના વરદ્ હસ્તે તથા ભાવનગર શહેરના અગ્રણીઓ, તેમજ સંસ્થાના ટ્રસ્ટી વડીલ શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અમિતભાઈ શાહ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી, જીવનસાથી પસંદગી મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવેલ. આ મેળાવડામાં ભાગ લીધેલ યુવક-યુવતિઓના બાયોડેટાની માહિતી પુસ્તિકા શાળા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેનું વિમોચન શ્રી ગગજીભાઈ સુતરીયા (પ્રમુખશ્રી, સરદારધામ, અમદાવાદ) અને શ્રી જયંતભાઈ વનાણીના વરદ્ હસ્તે કરવામાં આવેલ, તેમજ તેમણે પ્રાસંગિક ઉદ્બોધન કરેલ. મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત શ્રી ગિરીશભાઈ શાહે કરેલ. આ કાર્યક્રમનો હેતુ અને વાલીઓને માર્ગદર્શન શ્રી ફાલ્ગુનીબેન મકવાણાએ આપેલ. કાર્યક્રમનું સંકલન શ્રી વિશ્વાબેન ભટ્ટે કરેલ.

આ મેળાને સફળ બનાવવા સંસ્થાના મંત્રીશ્રી, આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી, શ્રી ઈલાબેન મજમુદાર, સંસ્થાના ઓ.એસ. અને ચીફ કો-ઓર્ડિનેટર શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાના માર્ગદર્શનથી, કાર્યક્રમના કો-ઓર્ડિનેટર શ્રી કવિતાબેન શાહ અને શ્રી ભરતભાઈ સોલંકી તથા તમામ શિક્ષકો અને કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી. આ મેળાની સફળતાના ભાગરૂપે ૪ યુગલો નિર્ધારિત થયાં હતાં, જે સંસ્થા માટે ખૂબ આનંદની બાબત હતી.

## સન્માન

સ્વામીનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠ, વડતાલવાળા તરફથી તા. ૧૩/૧/૧૮ ના રોજ ગુજરાતના સમાજ સેવા, લોક સંગીત સાહિત્ય અને વિશિષ્ટ સેવા અર્પણ કરતાં વ્યકિતઓને **સમાજ સેવા રત્નાકર એવોર્ડ**, અર્પણ કાર્યક્રમ યોજાયેલ.

જેમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત, પી.એન.આર. હોસ્પિટલના ચેરમેન **શ્રી મહાસુખભાઈ જકડિયા**ને આ એવોર્ડ, સમારોહમાં અર્પણ કરવામાં આવેલ. જે સમયે મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ તથા હોસ્પિટલના એડમિનિસ્ટ્રેટર શ્રી ચેતનભાઈ રાણા ઉપસ્થિત રહયાં હતાં.

**દર્દી દેવો ભવઃ** ની સાર્થકતા માટે હોસ્પિટલ જે કાર્યરત છે એ, પી.એન.આર. સોસાયટી, તમામ પ્રકારના વિકલાંગતાના પુનઃસ્થાપન માટે કાર્ય કરે છે, જે બદલ માનવ સેવાના કાર્યમાં મહામૂલ્ય પ્રદાન બદલ, સંપ્રદાયે ખુબજ ગૌરવ અનુભવતાં આશીર્વચન સાથે સન્માનિત કરેલ.



સિદ્ધિ

# રૂબેલા રસીકરણ ઐતિહાસિક સિદ્ધિ

## "આજે અટકાવીએ, આવતી કાલે આવનારી પંગુતાને"



પી.એન.આર. સોસાયટી - ભાવનગર, તેમજ જિલ્લા પંચાયત, આરોગ્ય શાખાના સહકારથી તા. ૧૬ અને ૧૭ જાન્યુ. ૨૦૧૮ નાં રોજ **રૂબેલા રસીકરણ કેમ્પનું** આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સુરેન્દ્રનગરની લો સોસાયટી સંચાલિત સગુણાબેન સી. યુ. શાહ હોમ સાયન્સ અને સી. યુ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ ખાતે કાર્યક્રમ યોજવામાં આવેલ. સૌ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી, **મેગા રસીકરણ કેમ્પ**ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ભાવનગરથી ખાસ પધારેલ પી.એન.આર. સોસાયટીનાં શ્રી અનંતભાઈ શાહે (બાબાભાઈ) રૂબેલા રસીકરણનાં આ મેગા કેમ્પને ઐતિહાસિક ગણાવેલ. સાથે ભાવનગરથી શ્રી પારસભાઈ શાહ અને શ્રી હર્ષકાન્તભાઈ રાખશિયાએ ખાસ હાજરી આપેલ. સુરેન્દ્નગરનાં ખ્યાતનામ ડો. પી. સી. શાહે રૂબેલા વિશે સંબોધન કરેલ. હોમ સાયન્સ કોલેજનાં પ્રિન્સીપાલ દક્ષાબેન મહેતાએ સંસ્થા તરફથી સ્વાગત્ કર્યુ હતુ અને મેનેજમેન્ટની સુપેરે વ્યવસ્થા કૈલાશબેન ઠાકરે સંભાળી હતી. જયારે ભારત સેવક સમાજનાં પ્રોજેકટ ચેરમેનશ્રી શિરીષભાઈ ઓઝા એ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિની વિસ્તૃત માહિતી આપેલ હતી અને સ્વાગત કર્યુ હતુ. જયારે આભાર વિધી ભારત સેવક સમાજનાં ઉપપ્રમુખશ્રી ખેતશીભાઈ પટેલે કરી હતી.

દ્વિ દિવસીય રૂબેલા રસીકરણ કેમ્પમાં, સુરેન્દ્રનગરની મહિલા હોમસાયન્સ, આર્ટસ એન્ડ સાયન્સ, પી.જી.એન. એમ. ગર્લ્સ હાઈસ્કૂલ, આર.પી.પી. ગર્લ્સ હાઈસ્કૂલ, કે.પી. ગર્લ્સ હાઈસ્કૂલ, સવા શાળા, વિકાસ ગર્લ્સ હાઈસ્કૂલ, વરમોરા કોલેજ, માનવ મંદિર હાઈસ્કૂલ, આમ મળીને નવ સ્થળોએ રૂબેલા રસીકરણની <u>૫,૦૦૦</u> ને અવેરનેસ આપીને <u>૩,૦૨૦</u> દિકરીઓને રૂબેલા રસીકરણ કરેલ. અગાઉ તા.૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૭ નાં રોજ રોટરી વઢવાણ સીટીનાં ડો. અશ્વીનભાઈ ગઢવી તથા વિનોદભાઈ પરમારનાં સહયોગથી <u>૩,૫૦૦</u> બહેનોને અવેરનેસ <u>૧,૪૦૦</u> દિકરીઓને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ. આમ કુલ મળીને <u>૮,૫૦૦</u> બહેનોને અવેરનેસ અને <u>૪,૪૨૦</u> બહેનોને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ. વિકલાંગ અટકાવનાં આ મહા અભિયાનમાં સુરેન્દ્રનગરનાં ધારાસભ્યશ્રી ધનજી પટેલ અને ભારત સેવક સમાજનાં પ્રમુખ મોહનભાઈ પટેલનો ખૂબ સહકાર મળેલ. તદ્ઉપરાંત જિલ્લા પંચાયત ડી.એચ.ઓ. શ્રી પરમાર સાહેબ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, પ્રોત્સાહન પુરું પાડેલ. સાથે ડી.ડી.ઓ. અને ડી.ઈ.ઓ. સાહેબનો પણ ખૂબજ સહકાર મળેલ છે.


ભારત સેવક સમાજ ટ્રસ્ટ સુરેન્દ્રનગર દ્વારા સ્થાનિક દાતાશ્રી રાજેશભાઈ ઠક્કર, જલારામ મેડિકલ સ્ટોર્સના સુપુત્ર, સ્વ. નંદિનીબેનની પૂણ્યતિથિ નિમિત્તે શ્રી પી.એન.આર. સોસાયટીની...

આ સમગ્ર કાર્યક્રમમાં સેવક સમાજની ટીમ, પી.એન.આર. સોસાયટીની રૂબેલા ટીમ, જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની ટીમનાં કાર્યકર્તાઓ દ્વારા, આરંભથી અંત સુધીની કામગીરી સુપેરે નિભાવી, આ મેગા કેમ્પને ભવ્ય સફળતા અપાવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

પારસ શાહ



**PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન**

## રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-

પી.એન.આર. સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ, નીચે ઓકટોબર થી જાન્યુઆરી ૨૦૧૭ - ૧૮ દરમ્યાન ભાવનગર જિલ્લાની શાળામાં રૂબેલા રસીકરણ કેમ્પ કરેલ, સુરેન્દ્રનગરની ભારત સેવક સમાજ સંસ્થા દ્વારા **૦૪** શાળામાં **૩૦૦૦** ને રૂબેલા અવરનેસ આપી **૧૪૦૦** લાભાર્થીને રસીકરણ કરવામાં આવ્યું આમ કુલ **૩૧** શાળા-કોલેજમાં **૯૨૨૧** લાભાર્થીઓને અવેરનેસ આપી **૪૬૨૨** બહેનોને રૂબેલા રસીકરણ કરી, સુરક્ષિત કરવામાં આવ્યાં.

## ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-

ઓકટોબર થી જાન્યુઆરી ૨૦૧૭-૧૮ માં ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, ઘોઘા, પાલિતાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત PNR સોસાયટી પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, પ્રાથમિક શાળાનાં ૬૪૯૯૬ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૧૦૨૩ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય તેને ૫૬૫ બાળકોને **વિનામૂલ્યે ચશ્મા વિતરણ** કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, ત્રણ NSS કેમ્પ અન્વયે, શાળાઓનાં બાળકોની તપાસ કરવામાં આવી, તેમજ અલગ-અલગ તાલુકામાં ત્રણ ENT Campનું આયોજન કરી કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકોમાંથી, ૧૬ બાળકોને, કાનના પડદામાં કાંણાના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-

ઓકટોબર થી જાન્યુઆરી ૨૦૧૭ - ૧૮ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૯૪** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૧૮ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૭ કપાયેલાં હોઠના, ૩ તાળવામાં કાણાંના** ૨ હાઈપોસ્પીડીયા, તેમજ **૬** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાધવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર, પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટીક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-

ઓકટોબર થી જાન્યુઆરી ૨૦૧૭ - ૧૮ દરમ્યાન પી.એન.આર.હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બે મહિનામાં શ્રી સત્યસાંઈ સેવા સમિતી ભાવનગરના માધ્યમથી **૩૮** નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું જેમા **૧૬૫૯** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપા વગેરે વિતરણ કરેલ હતું. **૩૦૦** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૧૧૬** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૬૨** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

## લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થે.સેન્ટર :-

ઓકટોબર થી જાન્યુઆરી ૨૦૧૭ - ૧૮ દરમ્યામન લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સેન્ટરમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ડૉ.જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) તેમજ ડૉ. પ્રિતિ શાહ (ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા બાળકોની ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલવી વિગેરે આંખની તકલીફો, તેમજ આંખની અન્ય ખામીઓનું નિદાન-સારવાર વિનામૂલ્યે કરી આપવામાં આવી. આ કેમ્પમાં ભાવનગર જિલ્લા તેમજ આજુ-બાજુનાં જિલ્લાઓમાંથી **૬૮** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ. તે પૈકી **૧૧** બાળકોનાં ઓપરેશન કરી આપ્યા જેમાં ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલતી, Fundus & Refrection, Sac Syring વિગેરે, સર્જન ડૉ.જનક શાહ દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

વર્ષા એચ. ચાવડા

## નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ



### સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર :

નટરાજ કોલેજ ખાતે ચાલતાં સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર (SFITC) માં નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનિંગ, નવી દિલ્હી માન્ય કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટના વિદ્યાર્થીઓની માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૧૮ માં લેવાનાર સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષાની તૈયારીના ભાગરૂપે રિવિઝનની કામગીરી કરવામાં આવી અને કુલ ૧૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપનાર છે.

### ઓગસ્ટ -૨૦૧૮ ના એડમિશન બાબત :

તા.૨૨/૧/૧૮ ના રોજ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે ઓગસ્ટ-૧૮ના એડમિશન બાબતે એક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં શ્રી વર્ષાબેન ચાવડા તેમજ શ્રી કૃપાલીબેન બારડ ઉપસ્થિત રહેલ.

### ઈગ્નૂ ટર્મ એન્ડ પરીક્ષા (થીઅરી પરીક્ષા) :

નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં, ટર્મ એન્ડ (થીઅરી) પરીક્ષા ડિસેમ્બર-૧૭ દરમ્યાન તા.૧/૧૨ થી તા.૨૩/૧૨ દરમ્યાન સફળતાપૂર્વક લેવામાં આવેલ હતી. ઈગ્નૂ, નવી દિલ્હી દ્વારા આ સેન્ટરમાં કુલ ૫૩૦ જેટલાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રોગ્રામ અને વિવિધ કોર્સીઝમાં, પરીક્ષા માટે ફાળવવામાં આવેલ હતાં. જે પૈકી ૪૫૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં હાજર રહેલ હતાં.

### ઈગ્નૂ ટર્મ એન્ડ પરીક્ષા (પ્રેક્ટિકલ પરીક્ષા) :

નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં ઈગ્નૂ, નવી દિલ્હી દ્વારા આ સેન્ટરમાં CIT/BCA/MCAની (પ્રેક્ટિકલ પરીક્ષા) જાન્યુઆરી-૧૮ની તા.૧૧/૧ થી તા. ૨૨/૧ દરમ્યાન લેવામાં આવી. કોમ્પ્યુટરની પ્રાયોગિક પરીક્ષા ઈગ્નૂ, નવી દિલ્હી દ્વારા આ સેન્ટરમાં કુલ ૫૬ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવેલ છે. જે પૈકી ૪૬ વિદ્યાર્થીઓએ આ



પરીક્ષામાં હાજર રહેલ હતાં. આ માટે નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં એક કોમ્પ્યુટર લેબ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૦ કોમ્પ્યુટર્સ તૈયાર કરવામાં આવેલ હતાં.

### ડિપ્લોમા ઇન સ્પેશ્યલ એજ્યુકેશન અભ્યાસક્રમ :

નટરાજ કોલેજ ખાતે ચાલતાં આર.સી.આઈ. માન્યતા પ્રાપ્ત ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજ્યુકેશન અભ્યાસક્રમોમાં D.Ed. Se. (VI) ની પ્રેક્ટિકલ પરીક્ષા જાન્યુઆરી માસમાં તા.૧૫/૧ થી ૧૭/૧ દરમ્યાન અને થીયરી પરીક્ષા તા. ૨૩/૧/૧૮ થી ૨૯/૧ દરમ્યાન લેવામાં આવી હતી.

### બા. આં. ઓપન યુનિ. ના સ્પે. બી.એડ્. અભ્યાસક્રમો :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. ના સ્પે. બી.એડ્. અભ્યાસક્રમો (HI), (VI), અને (MR)ના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ ના સત્ર માટે લેવાયેલ પ્રવેશ પરીક્ષાનું પરિણામ જાહેર થતાં, નટરાજ કોલેજ ખાતે વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવી.




સંસ્થાના પી.આર.વી. આર્ટિફિશ્યલ લિમ્બ સેન્ટરે અમદાવાદ ખાતે યોજાયેલ ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમિટ - ૨૦૧૮ પ્રદર્શનમાં ભાગ લીધો હતો



# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### વોટોત્સવ કાર્યક્રમ :

શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત, દિશા અર્લિ ઈન્ટરવેંશન પ્રોજેક્ટના બાળકોએ, તા. ૩/૧૨ ના રોજ **વોટોત્સવ** કાર્યક્રમમાં યશવંતરાય નાટયગૃહ ખાતે, આઠ બાળકોએ બાળગીતનું પર્ફોમેન્સ આપેલ. ભાવનગર ચૂંટણી આયોગ આયોજિત, આ કાર્યક્રમમાં સામાન્ય બાળકો સાથે વિશિષ્ટ બાળકોએ પણ સુંદર રજૂઆત કરી, **મેમેન્ટો** હાસલ કરી, સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતું. આ અભિયાન બિનાબેન જાની (વિશિષ્ટ શિક્ષક), મીરાંબેન પરમાર (કેર ગિવર્સ) તથા સંકલન અંજલીબેન જોગલેકર અને ખેવનાબેન ઓઝાએ કર્યું હતું.

### વિશ્વ વિકલાંગ દિવસ :



તા. ૪/૧૨/૧૭ના રોજ સરદારનગર, ભાવનગર ખાતે, સાંજે ૫ થી ૮ દરમ્યાન નટરાજ સી.પી. સ્કૂલ, કે.એલ. ઈનસ્ટિટયૂટ તથા અંકૂર શાળા દ્વારા **વિશ્વ વિકલાંગ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં **આનંદમેળા**નું આયોજન કરવામાં આવેલ. સી.પી. સ્કૂલના **બે** સ્ટોલ રાખવામાં આવેલ. **ઓખી વાવાઝોડાના** કારણે, ભર શિયાળામાં વરસતાં વરસાદમાં પણ બાળકોએ ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધેલ. સરદારનગર સર્કલમાં મોટા સ્ક્રીન પર, દરેક સંસ્થાની માહિતી પ્રસારિત કરેલ. જેનો લાભ સામાન્ય જનતા તથા સંસ્થાના વિદ્યાર્થીઓ, સ્ટાફ, વાલીઓએ લીધો હતો. ખાણી-પીણી અને દિવ્યાંગો દ્વારા નિર્મિત પ્રદર્શન તથા વેચાણનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વિકલાંગ કેન્દ્રના બાળકોને ગરમ કપડાંનું વિતરણ :

શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત વિકલાંગ પુનઃવસન કેન્દ્ર, મહુવા (વિશ્વકર્મા મંદિર રોડ, વાસીતળાવ, કેમિસ્ટ એસો. હોલ), માં નાતાલની ઉજવણી કરવામાં આવેલ. જેમાં હિંમતભાઈ આંબલિયા, સુરેશભાઈ વરિયા, તરફથી બાળકોને નાસ્તો અને ગરમ ટોપીનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ૧૩ સી.પી., એમ.આર., બહુવિકલાંગ તથા ઓટિઝમ લાભાર્થીઓએ લાભ લીધો હતો. બાળકોને સાંતાકલોઝના ડ્રેસ પહેરાવવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું આયોજન આ રીસોર્સ સેન્ટરના કેરગીવર્સ સ્મિતાબેન ટાપણિયા દ્વારા કરવામાં આવેલ.

### લર્નિંગ ડિસેબિલિટી કેમ્પ :

નટરાજ સી.પી. સ્કૂલમાં તા. ૨૮-૨૯ ડિસેમ્બરનાં રોજ **લર્નિંગ ડિસેબિલિટી** ધરાવતાં બાળકો માટે કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં મુંબઈથી શ્રી દિશાબેન શાહ (ચાઈલ્ડ સાયકોલોજિસ્ટ) દ્વારા મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી બાળકોની ઓળખ, નિદાન અને સારવાર મનોવૈજ્ઞાનિક ટેસ્ટથી કરી હતી. જેમાં ૧૧ લાભાર્થીઓ હતાં. આ કેમ્પને સફળ બનાવવા શાળાના વિશિષ્ટ શિક્ષક શ્રી વિભૂતિબેન વ્યાસે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ દરમ્યાન લર્નિંગ ડિસેબિલિટી તથા ADHD વિષય પર સામાન્ય માહિતી આપવા માટે **ફ્રી સેમિનાર** યોજાયો હતો. જેમાં દિશાબેન શાહે સરળ શૈલીમાં વિષયને સમજાવ્યો, પ્રશ્નોતરી પણ થઈ. વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો, સહજાનંદ ફિઝીયોથેરાપી કોલેજના ફેકલ્ટીઝ, વિદ્યાર્થીઓ, વાત્સલ્ય ડે કેર સેન્ટર, દિવના વિશિષ્ટ શિક્ષકો વગેરે મળી ૬૫ વ્યકિતઓએ રસ પૂર્વક આ સેમિનારની માહિતી પ્રાપ્ત કરી હતી.

### જન્મદિવસ ઉજવણી :

શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત દિશા અર્લિ ઈન્ટરવેંશન પ્રોજેક્ટના બાળકોના તા. ૨૩/૧૨ ના રોજ **જન્મદિવસની ઉજવણી** મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી રાખશિયા સાહેબ, શ્રી મહાસુખભાઈ જકડિયા અને જિજ્ઞાબેન શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ સેન્ટરમાં સારવાર લઈ રહેલ ૨૮ નાના ભૂલકાઓના એક સાથે **જન્મદિન ઉજવણી**નો એક રોમાંચક પ્રસંગ બની રહયો. આ પ્રસંગે **સ્મોલ વંડર પ્લે હાઉસ**ના આચાર્ય શ્રી હર્ષાબેન રમૈયા અને શ્રી પૂજાબેન ઉપસ્થિત રહયાં હતાં. વાલીઓ તરફથી ખાસ નાસ્તાનું આયોજન કરવામાં આવેલ તથા



મહેમાનોના હસ્તે **બર્થડે ગિફ્ટ** આપવામાં આવી હતી. ઉપસ્થિત મહેમાનોએ પ્રસંગોચિત, ભૂલકાઓને શુભેચ્છા પાઠવી, વાલીઓને આ સારા કાર્ય માટે બિરદાવ્યાં હતાં. આ પ્રસંગે ભૂલકાઓએ ખાસ કવાલી, જે સૌને આનંદિત કરે તેવી રીતે રજૂ થઈ હતી. આ કાર્યક્રમના અંતે ડૉ. નિરાલીબેન ભટ્ટે સૌનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન સ્પેશ્યલ એજ્યુકેટર બીનાબેન જાની, મીરાબેન પરમાર, શિવાંગીબેન મહેતા તથા વાલીઓએ કર્યું હતું.

## મેજિક શો જોવા ગયા :

તા. ૨/૧/૨૦૧૮ ને બુધવારના રોજ શ્રી પી.એન.આર. સોસાયટી સંચાલિત, તળાજા રીર્સોસ સેન્ટર ખાતે, મગજનો લકવો, તેમજ મંદબુધ્ધિ ધરાવતાં બાળકોને તળાજા માં જાદુગર હકુભા નો **જાદુ શો** જોવા લઈ જવામાં આવેલ. જાદુગર હકુભા દ્વારા સેન્ટરના તમામ બાળકો તેમજ વાલીઓને ફ્રી ટિકિટમાં શો બતાવવામાં આવેલ.બાળકોને સ્પેશ્યલ એજ્યુકેટર પંકજભાઈ કટકિયા દ્વારા બાળકોને નાસ્તો કરાવવામાં આવેલ.

## ઓટિઝમ સ્કૂલ :

શ્રી પી.એન.આર. સોસાયટી દ્વારા જૂન ૨૦૧૭ માં શરુ કરાયેલ **સૌરાષ્ટની પ્રથમ ઓટિઝમ સ્કૂલ,** જેમાં હાલ ૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી, તાલીમનો શુભારંભ કર્યો છે. તેમની સામાજીકરણની પ્રક્રિયાનો વિકાસ થાય તે હેતુથી તા. ૧૫/૧૨ નાં રોજ સ્કૂલની નજીકના ગૌરીશંકર તળાવ અને બાલવાટિકાના ટુંકા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓટિઝમ પ્રોજેકટના ૭ બાળકો જોડાયાં હતાં. આ વિદ્યાર્થીઓને ૧.૧ ના રેશિયામાં તાલીમ અપાય છે. તેમજ ગૃપમાં સહભાગી થવા પ્રયાસ કરવામાં આવે છે. તાજેતરમાં તા. ૮/૧ ના રોજ આ સ્કૂલના પ્રમુખ દાતા શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ દ્વારા, ઉપસ્થિત મહેમાનોની પ્રેરક હાજરીમાં આ સ્કૂલનું **લોકાર્પણ** કરવામાં આવ્યું હતું. જેથી વાલીઓમાં આશાનું કિરણ જાગૃત થયું છે.

## ફેશન કાર્નિવલ :



તા. ૧૨/૧ અને તા. ૧૩/૧ ના રોજ શ્રી અંબિકાબેન ટેકરીવાલ, ઈસ્કોન કલબ દ્વારા ભાવનગરમાં ફેશન કાર્નિવલનું આયોજન કરવામાં આવેલું. તેમાં મુખ્ય અતિથી શ્રી જિતુભાઈ વાઘાણી, તેમજ નટરાજ સી.પી. સ્કૂલના વિદ્યાર્થી ચિ.રમેશ દ્વારા રીબિન કાપી કાર્નિવલનું ઓપનિંગ કરેલ. મગજનો લકવો, મંદબુધ્ધિ, ઓટિઝમ તેમજ બહુ વિકલાંગતા ધરાવતાં વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ, **સર્જનાત્મક ગૃહ ઉપયોગી ચીજ વસ્તુઓનું પ્રદર્શન**, સમાજના દરેક વ્યકિતઓ સુધી પહોંચી શકે તેવા ઉમદા હેતુથી, શ્રીમતી અંબિકાબેન ટેકરીવાલ, જેઓ સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓના **પ્યારા દીદી** છે. તેમણે ખૂબ સુંદર રીતે રજૂ કરી, આગવી પહેલ કરી છે. ૭૦ જેટલા અપ્રતિમ સ્ટોલ હોવા ઉપરાંત, નટરાજ સી.પી. સ્કૂલ નો **ખાસ સ્ટોલ** રાખવા માટે, અંબિકાબેનની દિવ્યાંગ વિદ્યાર્થીઓ સાથેની સહૃદયતા અને પ્રેમની ઝલક સ્પષ્ટ દેખાતી હતી.

## એસેસમેન્ટ એન્ડ સર્જીકલ કેમ્પ :

તા. ૧૩/૧ ના રોજ ભાવનગરના પ્રતિષ્ઠિત ઓર્થોપેડિક સર્જન ડો. સંજીવ રવિસાહેબ દ્વારા, **સોહમ ફાઉન્ડેશન, યુ.એસ.એ.**ના સૌજન્યથી, મગજનો લકવો ધરાવતાં બાળકોને ઓપરેશન માટે, **પ્રાથમિક તપાસ કેમ્પ** યોજાઈ ગયો. જેમાં કુલ ૨૬ બાળકોની તપાસ થઈ. ૩ બાળકોને બોટોક્ષ થેરાપી માટે માર્ગદર્શન અપાયુ અને ૩ બાળકોને ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યાં. આ કાર્યક્રમનુ સંચાલન ડો. કલ્પેશભાઈ દેસાઈ (ફિઝયોથેરાપિસ્ટ) દ્વારા કરવામાં આવ્યું.


## મકરસંક્રાંતિ

નટરાજ સી.પી. સ્કૂલ, ડે કેર સેન્ટર તથા હાઈટેક પ્રાઈમરી સ્કૂલમાં તા. ૧૩/૧ ના રોજ **મકરસંક્રાંતિની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં ૭ ફૂટ ઉંચી પતંગ બનાવેલ હતી. આ પ્રસંગે દિવ્યાંગ બાળકોને પતંગોત્સવની હર્ષભેર ઉજવણી માટે, સંસ્થાના **બચપન કોર્પસ ફંડ** અંતર્ગત, **મકરસંક્રાંતિ કીટ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા



## પી. એન. આર. હૉસ્પિટલ

**ડિસે.-૧૭ થી જાન્યુ.-૧૮ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૮૧ | ૨૫ ( ૩ પોલિયો) | જનરલ ઓપીડી | ૧૫૯૪ | - |
| આંખ | ૧૧૬૨ | ૨૩૪ | એક્ષ-રે | ૧૫૮ | - |
| છારી કાઢેલ | - | ૫૨ | લેબોરેટરી | ૭૩૭ (દર્દી) | ૨૧૪૬ (ટેસ્ટ) |
| ઈ.એન.ટી. | | | ત્રાંસી આંખ | ૩૬ | ૧૧ |
| કાન,નાક,ગળા | ૭૦૭ | ૨૧ | રસીકરણ | ૩૮ | - |
| ઓર્થોસ્કોપી | ૫૩ | ૨ | ચામડી | ૯૩ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૯૩ | ૩૧ | સાયકાટ્રિક | ૫ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૬ | ૫ | ઓર્થોડેન્ટલ | ૨૩ | ૯ |
| ડેન્ટલ | ૧૭૦ | ૮૯ | | | |

## નેત્રનિદાન કેમ્પ

રોટરી કલબ ભાવનગર રોયલના સહયોગથી તા.૧૬/૧૨ ના રોજ નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં લાભાર્થી દદીર્ઓ સાથે ચેરમેનશ્રી મહાસુખભાઈ જકડીયા સાથે રોયલ કલબના વિવેકભાઈ શાહ અને તેની ટીમે મુલાકાત લીધેલ.

## થાઈરોઈડ બ્લડ ટેસ્ટનો કેમ્પ

પી.એન.આર. હોસિપટલમાં તા. ૨૪/૧ ના રોજ થાઈરોઈડ બ્લડ ટેસ્ટનો કેમ્પ, એબોર્ટ લેબોરેટરીના સહયોગથી યોજેલ, જેમાં ૫૫ દર્દીઓના બ્લડ ટેસ્ટ કરી, રીપોર્ટ આપવામાં આવેલ. આ કેમ્પમાં લેબ. ટેકનીશ્યનશ્રી જગતભાઈ શાહ તથા હોસ્પિટલના સ્ટાફે જહેમત ઉઠાવેલ.




## ફોટો સમાચાર

**શ્રી મનોહર ત્રિકાનંદ ગુજરાત રાજ્ય પ્રમુખ સત્ય સાંઇ સેવા સંગઠન, અમદાવાદના હસ્તે શ્રી એચ. પી. રાખશિયાને તા. ૬-૧-૧૮ ના રોજ પી. એન. આર. સોસાયટીનું સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.**



# સંક્ષિપ્ત સમાચાર

✍ મનસુખ એ. સોરઠિયા



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત

## શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ

શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ ખાતે, દાતાશ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખ રાહત નિધિ અંતર્ગત, હસ્તે. મા. શ્રી રશ્મિબેન પ્રતાપરાય પારેખ મુંબઈના હસ્તે દીપ પ્રાગટય કરી તા. ૭/૧ ના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન ફ્રી તપાસ / સારવાર કેમ્પનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ. જેમાં દાંત વિભાગ-૪૦, પીડિયાટ્રિક-૦૪, ગાયનેક-૦૬, સાઈકીયાટ્રિક-૦૮, ઓર્થોપેડિક-૩૨, આંખ વિભાગ-૬૦, નાક-કાન-ગળા વિભાગ-૫૨, એમ કુલ ૨૦૪ દર્દીઓએ લાભ લીધો હતો.

૧. શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં તા. ૧૭/૧ ના રોજ **થાઈરોઈડ નિદાન કેમ્પ** યોજાયો હતો. જેમાં ૧૦૧ દર્દીઓએ લાભ લીધો હતો.

૨. શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં તા.૨૮/૧ ના રોજ



**હાડકાંના કેલ્શિયમની ઘનતા** માપવાનો કેમ્પ યોજાયો હતો, જેમાં ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો.

# અમેરિકાથી સેવાર્થે આવતાં ડૉક્ટરોનો ફ્રી કેમ્પ




અમેરિકા સ્થિત સેવાભાવી ડૉક્ટરો પ્રતિવર્ષ ગુજરાતમાં પોતાની નિપુણતા સંદર્ભે સેવા આપતાં હોઈ છે. આવો એક કેમ્પ ભાવનગર ખાતે, પી.એન.આર. સોસાયટી આયોજિત તા.૨૨/૧ થી ૨૩/૧ દરમ્યાન શ્રીમતી ચંદાબેન શશીકાંતભાઈ વાઘર, શશી ઈન્ડ્રસ્ટિઝ પરીવારના આર્થિક સહયોગથી યોજાયો હતો.

